

સાબરકાંઠા ગુરુ બ્રાહ્મણ સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ હિંમતનગર ખાતે યોજાયો હતો. જેમાં ૨૦ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ પ્રસંગે સમાજ સેવક અને સમાજના પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા, જયંતિભાઈ શ્રીમાળી સમાજને પ્રેરણા અને દાન આપનાર દાતા ધારાસભ્ય મણીલાલ વાઘેલાને તલવાટ ભેટ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : મગનજી વણઝારા)

# સાબરકાંઠામાં ગરમીનો પારો ઉચકાયો

## ઈડરમાં સૌથી વધુ ગરમી : સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર, ભિલોડા, શામળાજી, વિજયનગર પંથકમાં ગરમીથી લોકો ત્રાહિમામ

ભિલોડા,તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર, ભિલોડા, શામળાજી, વિજયનગર પંથકમાં ગરમીનો પારો ઉચકાયો છે. સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં સૌથી પ્રજાજનોને રીતસરની ગરમી અકળાવી રહી છે. પ્રજાજનો રીતસર પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. ઉનાળા શુભારંભ દરમ્યાન પ્રજાજનો તોબા-તોબા પોકારી ઉઠયા છે. ઈડરમાં ગરમીનું તાપમાન દિન-પ્રતિ-કાળઝાળ ગરમીના કારણે પ્રજાજનો પરસેવાથી નાઈ રહ્યા હોય તેવો માહોલ સર્જાયો છે. આગામી દિવસોમાં ગરમીનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી સંભાવના સેવાઈ રહી છે. કીડીયારાં ઉભરાઈ રહ્યા છે. ગરમીના માહોલમાં નાના બાળકો સૌથી વધુ બિમાર પડતાં હોય છે. પ્રજાજનોની આકરી કસોટી કરવાનું શ્રી સુર્યનારાયણ ભગવાને જાણે કે નક્કી કર્યુ હોય તેમ છેલ્લા કેટલાક વિપરીત અસરો છેલ્લા કેટલાક વર્ષોથી વર્તાઈ રહી છે. સિમેન્ટ-કોક્રીટના મકાનો,બિલ્ડીંગો દિન-પ્રતિ-દિન ઠેર-ઠેર બની રહ્યા છે જેના કારણે ગરમીનો પ્રકોપ વધતો હોય તેમ લોકમુખે ચર્ચાય છે. લીલાં વૃક્ષો



વધુ ગરમી છે. ઉનાળાની ઋતુ દરમ્યાન ગરમીનો અહેસાસ થાય ત્યારે ઈડર યાદ ન આવે તેવું ભાગ્યે જ બનતું હોય છે.

છેલ્લા કેટલાક દિવસોથી દિન વધતાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બની રહ્યા છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી તો બે મહિના સુધી પ્રજાજનોને સહન કરવી પડશે તેમ લોકમુખે ચર્ચાય છે. અસહ્ય

સાબરકાંઠા, અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ વધતાં ઝાડા-ઉલટીના કેસો પણ પ્રકાશમાં આવી રહ્યા છે. દવાખાનાઓમાં દર્દીઓના દિવસોથી ગરમીના પ્રમાણમાં દિન-પ્રતિ-દિન વધારો નોંધાતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં વૃક્ષોનું પ્રમાણ ઘટતાં ગ્લોબલ વોર્મિંગની ઠેર-ઠેર જેટલા કપાય છે તેટલા વૃક્ષો વાવવામાં આવે તો ગરમીના પ્રામણમાં ઘટાડો થઈ શકે તેમ છે. ભિલોડામાં આજે ૪૧ થી ૪૨ ડિગ્રી સુધી ગરમીનો પારો જોવા મળતો હતો.

# મૃતકનું પી.એમ. કરનાર ડોક્ટર ૧૩મીએ જુબાની આપી શકે

## ડોક્ટર સેશન કોર્ટમાં જુબાની આપવા માટે પહોંચ્યા પરંતુ જજ અન્ય કેસમાં વ્યસ્ત હોવાથી સુનાવણી મોકૂફ કરાઈ

અમદાવાદ, તા.૦૬

શહેરના મણીનગર વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ વિનય યાદવ પર ગોળીબાર કરી મૃત્યુનિપાજવવાના કેસમાં મૃતક પોલીસ કોન્સ્ટેબલનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર સેશન્સ કોર્ટમાં જુબાની આપવા માટે આવ્યા હતા પરંતુ જજ સાહેબ અન્ય એક કેસમાં વ્યસ્ત હોવાથી કેસની સુનાવણી થઈ શકી ન હતી. તેથી આ કેસમાં મુદત પડતા આગામી ૧૩મી મે ના રોજ ડોક્ટર જે.વી. શાહ કોર્ટમાં જુબાની આપશે. આ મર્ડર કેસમાં હૈદરાબાદના ત્રણ આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફ અને એક લખનૌનો આરોપી ઈઝહાર ખાન સંકળાયેલા છે અને તેઓ ઘણા સમયથી સાબરમતી મધ્યસ્થ જેલમાં બંધ છે.

આ કેસની વિગત એવી છે કે આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફે હૈદરાબાદ સ્થિત દર્ગસ જેહાદએ શહાદત નામના મુસ્લિમ સંગઠનના ઓથા હેઠળ જૂન ૨૦૦૭માં એક દિવસ સાંજે મહમ્મદ હનીફની હૈદરાબાદ મુસીરાબાદ ઝમઝમ મસ્જીદ સામે આવેલ ક્લીનીકમાં ભેગા મળી કાવતરું રચ્યું હતું. કાવતરાના મુખ્ય હેતુ ગુજરાતમાં થયેલ ગોધરાકાંડના રમખાણાનો બદલો તેમજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી નરેન્દ્ર અમીન દ્વારા મૌલાના નસુરૂદીનની ધરપકડનો વિરોધ કરતા મુસ્લિમો ઉપર ફાયરીંગ દરમ્યાન મુઝાહીદ સલીમ આજમીની મોતનો બદલો મુખ્ય હેતુ હતો. જેમાં અમદાવાદમાં લૂંટ કરી તે પૈસાથી હથિયારો ખરીદી પોલીસના મર્ડરનો કાવતરામાં સમાવેશ થતો હતો. કાવતરુ પાર પાડવા મહમ્મદ હનીફે અમદાવાદમાં રહેતા તેના સંબંધીઓ મારફતે સૈયદ અમજદઅલીને રામોલમાં ભાડાનું મકાન અપાવ્યું હતું. ત્યારબાદ વકાલ અહેમદે લખનૌમાં ઈઝહાર ખાનને મોર્ડન હોટલના રૂમમાં બોલાવી ઉપરોક્ત કાવતરાની હકીકત સમજાવી કાવતરુ પાર પાડવા પિસ્ટલ, કાવરતુસો ખરીદી અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં ફરી રેકી કરી તા. ૨૨ ઓગસ્ટ ૭ થી ૭:૧૫ વાગ્યા દરમ્યાન કાંકરિયા વિજય પ્લાઝા આગળથી એક કાળા રંગની બજાજ બોક્સર બાઈક ચોરી કરી તેના પર ડુપ્લીકેટ નંબરપ્લેટ લગાવી લૂંટ કરવા તા. ૮ નવેમ્બર ૨૦૦૭ના ૧૦:૩૦ વાગે મણીનગર એચડીએફસી બેંક આગળ ઉભા હતા તે વખતે મણીનગરના બે પોલીસ કોન્સ્ટેબલ અનીલ વિષઅણુભાઈ અને વિનયકુમાર જાગનસિંહ યાદવ પેટ્રોલીંગમાં હતા. પોલીસને બેંક આગળ ઉભા રહેલા શખ્સો પર શંકા જતાં તેઓ તેમની પૂછપરછ કરવા અને અંગજડતી તપાસ કરવા જતા આરોપી વકાર અહેમદે વિનય યાદવ પર પિસ્ટલ વડે ફાયરીંગ કરી હતી અને આરોપીઓ નાસી છુટ્યા હતા. બનાવમાં પોલીસ કોન્સ્ટેબલ વિનયકુમાર યાવદનું મરણ થયું હતું. પોલીસ કોન્સ્ટેબલને શૂટ કરી નાસી છુટેલા આરોપીઓ હૈદરાબાદમાં એક કેસમાં પકડાયા હતા અને તેઓએ પોલીસ કોન્સ્ટેબલ વિનયકુમાર યાદવનું મર્ડર કર્યું હતું તેવી કબુલાત કરી હતી. હાલ આ કેસમાં પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ચારેય આરોપીઓની ધરપકડ કરી ટ્રાન્ઝીટ રિમાન્ડ પર મેળવી રિમાન્ડનો સમય પૂર્ણ થતાં જેલ કસ્ટડી કર્યા છે. આરોપીઓ છેલ્લા ઘણા સમયથી જેલમાં બંધ છે.

## રસુલપુરમાં દત્ત ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ-સલાલ વચ્ચે આવેલ જૂના રસુલપુરના પૌરાણિક મહાકાળી મંદિર ખાતે દત્ત ભગવાન અને ગગનગીરી મહારાજની મૂર્તિઓનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જૂના રસુલપુરના સાડા-સાતસો વર્ષ જૂના ભગવાતી મહાકાળી મંદિરમાં મહંત ચેતન્યગીરીના પ્રયાસો અને ગ્રામજનો દ્વારા ભગવાન દત્ત તેમજ પૂ. ગુરૂ ગગન મહારાજની મૂર્તિઓનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગુરૂ શાંતિગીરીના સાનિધ્યમાં યોજાયો હતો અને દત્ત નગરીની કલ્પનાનું ધામ બનાવવા ભક્તોને ખાત્રી આપી હતી. ભાવિકો માટે અખંડ જ્યોતના પૌરાણિક ભાવિકો માટે અખંડ જ્યોતના પૌરાણિક ધામે મહાપ્રસાદ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ચેતન્યગીરી બાપુને ગાદીપતિ તરીકે સન્માનિત કરાયા હતા.

## સાબરકાંઠા બેઠક પર શંકરસિંહના વિજયની ઠેર ઠેર ચર્ચાઓ

સાબરકાંઠા મત વિસ્તારની લોકસભાની ચૂંટણી હેમખેમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. આ સાથે હિંમતનગર વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. આ ચૂંટણીમાં અત્યાર સુધી ભારે મતદાન થયું છે. તેમાં પણ ખાસ કરીને આદીવાસી મુસ્લિમ અને દલીત વર્ગનું ખુબ ભારે મતદાન થતા કોંગ્રેસની વિજયની શકયતા જણાય છે.

સાબરકાંઠા મત વિસ્તારમાં લોકસભાના કોંગ્રેસના પક્ષના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા નવા ખમતીધર ઉમેદવારને ન કલ્પી શકાય તેવા ઉજળીયાત વર્ગના મત પણ મળેલ છે. એટલુંજ નહીં હિંમતનગર વિધાનસભા ડૉ. વિપુલભાઈ પટેલ ઉમેદવાર હોવાને કારણે પટેલ સમાજના પણ સારા મત મળ્યા છે આ સાથે ઠાકોર-ક્ષત્રિયય સમાજનાયમતદારોમાં ભાગલા પડયા છે તેમ છતાં ૬૦ ટકા મત શંકરસિંહે પ્રાપ્ત કર્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# ભિલોડામાં માથાભારે ઈસમોનો તરખાટ

## એસ.ટી.ડેપોમાં મારૂતી ફન્ટીમાં આવી ડ્રાઈવર-કંડક્ટર સહિત ૫ કર્મચારીને માર મારી પલાયન

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડમાં મારૂતી ફન્ટી જી.જે.૧.કે.બી.૩૨૦૫ માં આવી એસ.ટી.બસના ડ્રાઈવર-કંડક્ટર સહિત ૫ જણને માર મારી રફુચક્કર થઈ જતાં એસ.ટી.કર્મચારીઓમાં ચકચાર મચી જવા પામી છે.

પાણીબારથી ભિલોડા રૂટની બસ નંબર.જી.જે.૧૮.વાય.૩૧૭૭ ના ડ્રાઈવર-કંડક્ટર ડેપોમાં આવી બસ પાર્ક કરતા હતા તે વેળાએ ઉપર મુજબની મારૂતી ફન્ટીમાં આવી ત્રણ અજાણ્યા ઈસમો આવી કહેવા લાગ્યા કે ગાડી આમ તેમ કેમ ચલાવે છે તેવું કહેતાની સાથે ડ્રાઈવર-કંડક્ટર સહિત ડેપોના ૫ જેટલા કર્મચારીઓને નાની-મોટી ઈજાઓ કરી ભાગી જતાં કર્મચારીગણમાં સોપો પડી ગયો હતો. ફરીયાદી (૧)મહેન્દ્રભાઈ નારણભાઈ પટેલ, ઉંમર.વર્ષ-૪૦, રહે.દહેગામડા (૨) કાવજીભાઈ સળુભાઈ પારઘી, ઉંમર.વર્ષ-૫૫, રહે.અણસોલ (૩) જયંતીભાઈ જેઠાભાઈ પટેલ, ઉંમર.વર્ષ-૪૫, રહે.શંકરપુરા (૪) જગદીશભાઈ હરીચંદ્રભાઈ પટેલ, ઉંમર.વર્ષ-૫૫,





રહે.દહેગામડા (૫) અરવિંદભાઈ માવજીભાઈ ડામોર, ઉંમર.વર્ષ-૪૮, રહે.ભુતાવડ આ પાંચ જેટલા કર્મચારીઓને માર મારેલ હોઈ જેઓને ભિલોડાની સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. એસ.ટી. પરીવહનના માલીકીના એસ.ટી. ડેપોમાં આવી સાર્વજનિક સ્થળ ઉપર આવી કર્મચારીઓને જાહેરમાં માર મારતાં મુસાફર જનતામાં પણ કુતુહલતા ફેલાઈ હતી. આ જાહેરમાં ડ્રાઈવર-કંડક્ટરને માર પડી રહ્યો છે તો આપણને કોણ બચાવશે.આવા અનેક જાહેર સ્થળોમાં પ્રજાની રખવાળી કરનાર કોઈ નથી. છેલ્લા પાંચેક વર્ષથી ભિલોડાના એસ.ટી. ડેપોમાં પોલીસનો પોઈન્ટ નથી જેથી અવાર-નવાર કેટલાય મુસાફરોના ખીસ્સા કપાય છે. માલસામાન ચોરાય છે.દારૂડીયાની દાદાગીરી ખુલ્લામાં થતી હોય છે છતાં ડેપોમાં પોલીસ પોઈન્ટ નથી તે વાત સાંભળી આશ્ચર્ય થાય છે. આ બાબતે ભિલોડા પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી કરી ઘટતી તપાસ આરંભી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ભારત વિકાસ પરીષદ શાખાના સેવાભાવી કાર્યકરો ધ્વારા નિઃશુલ્ક મીનરલ પાણીની પરબનો શુભારંભ મંગળવારના રોજ યોજાયો હતો. ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ આવેલ શ્રી કૃષ્ણ શોપીંગ સેન્ટર આગળ મીનરલ પાણીની પરબના શુભારંભ પ્રસંગે મુકેશભાઈ પંચાલ, જગદીશભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, રઘજીભાઈ પટેલ, મીનેશભાઈ દરજી, સુભાષભાઈ મોરવાણી, રામઅવતાર શર્મા, યજ્ઞેશભાઈ પંચાલ સહિત ભિલોડાના સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મણીનગર રેલ્વે સ્ટેશન પાસે રીક્ષાચાલકની ક્રૂર હત્યા થઈ

અમદાવાદ, તા.૦૬

શહેરના પૂર્વ વિસ્તાર એવા મણીનગર રેલ્વે સ્ટેશન પાસે એક રીક્ષાચાલકનો જાહેરમાં અન્ય રીક્ષાચાલકે છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ હત્યા પાછળ અંગત અદાવત હોવાનું મનાઈ રહ્યું છે.

જ્યારે મોડી રાત્રે બનેલા આ બનાવના પગલે મણીનગર પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર મણીનગરની દક્ષિણી સોસાયટી પાસે આવેલા પારસ ફ્લેટના રહેવાસી કમલભાઈ વાઘવાણી ગતરાત્રીના રીક્ષા લઈ મણીનગર રેલ્વે સ્ટેશન પાસે પેસેન્જરની રાહ જોઈને ઉભા હતા તે દરમ્યાન અન્ય રીક્ષાચાલક કમલેશ ઉર્ફે કાણિયો કનૈયાલાલ સિંધી પણ પેસેન્જર ભરવા ત્યાં આવી પહોંચ્યો ત્યારે બંને રીક્ષાચાલકો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ. જેમાં ઉશ્કેરાયેલા કમલેશ ઉર્ફે કાણિયાએ અચાનક કમલેશભાઈને છરીના ઘા ઝીંકી દીધા. એકાએક બનેલી આ ઘટનાના પગલે અન્ય રીક્ષાચાલકો પણ ત્યાં દોડી આવ્યા હતા.

પરંતુ તે પહેલાં જ છરીના ઘા ઝીંકનાર કમલેશ ઉર્ફે કાણિયો ત્યાંથી નાસી જવામાં સફળ રહ્યો હતો. બીજી તરફ છરીના ઘાથી ઈજાગ્રસ્ત થયેલા કમલભાઈને તાત્કાલીક મણીનગર સ્થિત એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે કમલભાઈને અમદાવાદની વીએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. અને આ સમગ્ર મામલે મણીનગર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ફરાર કમલેશ ઉર્ફે કાણિયાને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મહેસાણાના મોદીપુર ખાતે આવેલ અન્નપૂર્ણા શક્તિપીઠમાં સંતોનો ભંડારો અને પાટોત્સવ

ગાંધીનગર, તા. ૬

અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અન્નપૂર્ણા શક્તિપીઠ મોદીપુર (અંબાસણ) ખાતે તા. ૧૩-મે મંગળવારના રોજ યજ્ઞશાળાની અનાવરણ કાર્યક્રમ યોજવામાં આવશે.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના મોદીપુર (અંબાસણ) ખાતે સંતોનો ભંડારો, પાટોત્સવ અને ઉત્તર ગુજરાતમાં કાશી વિશ્વનાથ મહાદેવના શિવાલયનો શિલાન્યાસ મહોત્સવ ઉજવાશે. એક દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં રાજ્યના સંતો ઉપસ્થિત રહી આશીર્વચન આપશે. જેમાં ગાંધીનગર ધોળેશ્વર મંદિરના મહંતશ્રી સ્વામી રામસ્વરૂપ પુરી, નારદીપુર લંબે નારાયણ આશ્રમના મહંતશ્રી સ્વામી વિવેકાનંદ તીર્થ ગોતરકા બ્રહ્મચારી આશ્રમના પૂજ્યસંતશ્રી સ્વામી નિજાનંદ અને કડી કાસવા ગોગા મહારાજના ભુવાજી રાજાભાઈ દેસાઈ આશીર્વચન આપશે.

તેમજ બપોરે ૧૨.૦૦ કલાકે શિલાન્યાસ સમારોહ યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં યજ્ઞપુરૂષ મંડપ બનાવી મા અન્નપૂર્ણાને અર્પણ કરનાર મૂળ પાલનપુરના અને હાલ અમદાવાદ સ્થિત વિમળાબેન કનૈયાલાલ જોશી અને સચિનભાઈ કનૈયાલાલ જોશી ઉપસ્થિત રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન